૨૨૫૧

અનુસૂચિત જનજાતિની સરકારી છાત્રાલયો, ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.

આદિજાતિ વિકાસ ... કચેરી
ઈ.નં. ૩૬૯૯
તારીખ ૨૪/૧૦/૦૭

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પવછ-૧૫૦૬-૧૧૦૯-ન.બા.૧૨-ગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૯-૧૦-૨૦૦૭

વંચાણે લીધા :-
(૧) આ વિભાગના તા. ૩-૧-૦૧ ના ઠરાવ ક્રમાંક : પવછ-૧૫૯૯-ન.બા.૫-ગ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની ફાઇલ ક્રમાંક : ગઅછ-૧૫૨૦૦૬-ન.બા.૧૭-ગ,

ઠરાવ :-

અનુસૂચિત જનજાતિના સરકારી છાત્રાલયો અને ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ મારફત છાત્રાલયો ચલાવવામાં આવે છે. આમુખ ક્રમાંક-(૧) માં જણાવેલ આ વિભાગના તા. ૩-૧-૨૦૦૧ ના ઠરાવથી સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોના વિદ્યાર્થી દીઠ પ્રતિમાસ રૂ. ૪૫૦/- નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. છેલ્લા ૬ વર્ષમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવોમાં ખૂબ વધારો થયો છે. જેથી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જનજાતિના સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોને વિદ્યાર્થીદીઠ રૂ. ૬૦૦/- (છસો) નિભાવ ગ્રાન્ટ ૧૦ (દશ) માસ માટે આપવાની બાબતને આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. નિભાવ ગ્રાન્ટ ચૂકવવા અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

૩. નિભાવ ગ્રાન્ટમાં તા. ૧-૧૦-૨૦૦૭ થી વધારો કરવામાં આવે છે.

૪. આ અંગેનો ખર્ચ " માંગણી ક્રમાંક : ૯૩, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૨, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ૨૭૭-શિક્ષણ, પેટાસદર : બી.સી.કે. (૧૬૮) ગ્રાન્ટ ઇન એઇડ પછાતવર્ગના છાત્રાલયોને સહાયક અનુદાન તેમજ ભોજન બીલના સહાયમાં વધારો કરવા અંગે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે અને તે સદરે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ફાઈલ ક્રમાંક : ગઅછ-૧૫૨૦૦૬-ન.બા.૧૭-ગ, ઉપર અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા. ૯-૧૦-૨૦૦૭ ની નોંધથી મળેલી સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્યોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજયકક્ષા મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.ક.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી (આ.વિ.)
- સર્વે તકેદારી અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વે તાલીમ અધિકારીશ્રી (આ.વિ.)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- સિલેકટ ફાઈલ.